# ગુજરાતી
# સેમેસ્ટર -૪
# પપેર નં -૨૧૨


<u>રજુ કર્તા</u>
ડો.મિતાલ જી ચૌહાણ
આર્ટસ કોલેજ, ફતેપુરા
(ગુજરાતી વિભાગ)

# નિબંધની વિભાવના

- નિબંધ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે.
- ગુજરાતીમાં નિબંધનો અર્થ : જેમાં વિશેષ પ્રકારનું બંધ કે સંગઠન હોય તે કૃતિ .
- નિબંધ શબ્દ અંગ્રેજી ‘Essay’ના પર્યાય તરીકે પ્રયોજાય છે.
- સાહિત્ય સ્વરૂપ તરીકે તેનો અર્થ “literary composition or treatise.”એવો થાય છે.
- સંક્ષિપ્ત સ્વરૂપવાળી એકાગ્ર અને સુશ્લિષ્ટગદ્યમાં લખાયેલી કૃતિ તે નિબંધ.
- (નિબંધનો જનક સોળમી શાદીમાં થઇ ગયેલો મોન્ટેઇન મનાય છે.)

# નિબંધની વ્યાખ્યા

- ઓક્સફર્ડ ઈંગ્લીશ ડીકશનરી :નિબંધ કોઈ ચોક્કસ વિષય કે વિષયની શાખા પરની માર્યાદિત વિસ્તારવાળી એવી ગદ્ય રચના છે જે મૂળ માં તો એક અનિયંત્રિત અસંબદ્ધ રચના છે પણ અહી તેને વિષયની દ્રષ્ટિ એ સીમિત અને શૈલીની દ્રષ્ટીએ અપેક્ષ કૃત ગંભીર અને ઉદાત્ત રચના કહેવામાં આવી છે.

- મોન્ટેઇનના મત મુજબ : ટુકાણમાં અમુક વિષય અંગે વિચારો રજુ કરવાનો પ્રયાસ.

- વિશ્વનાથ ભટ્ટના  મત મુજબ  : કોઈ પણ બાબત ઉપર પોતાના જે વિચારો હોય તેને વિષયાંતર કે વિસ્તાર કાર્ય વીના સાહિત્યોચિત શૈલીમાં અને ગંભીર મનોવૃત્તિ સહ જેમાં રજુ કરેલા હોય તેનું નામ નિબંધ.

- સુંદરમના મત મુજબ : એમાં વાગ્વ્યાપારની બધી કળાનો યથેચ્છ પ્રયોગ કરી શકાય છે,એવો અવકાશ બીજા કોઈ પણ સાહિત્ય પ્રકારમાં શક્ય નથી.....લલિત વડ્ન્મયના બીજા પ્રકારો રસપર્યવસાયી  હોવા છતાં,લેખની પેઠે પોતાના વસ્તુને મર્યાદામાં તથા વિશેષ તો પોતાના કળા રૂપની આવશ્યાક્તાઓમાં નિબંધ હોય છે.

# નિબંધના લક્ષણો

- નિબંધ માફકસરની લંબાઈ ધરાવતી પ્રમાણમાં સંક્ષિપ્ત ગદ્ય રચના છે.
- નિબંધ સર્જકની આગવી મુદ્રાથીઅંકિત હોય છે.
- નિબંધ આત્મનિર્ભર સ્વત:પૂર્ણ,હ્દય સ્પર્શી અને રસિક હોય છે.
- પ્રોઢ સંસ્કારી ,જીવંત,સુરેખ,બળવતી ભાષા શૈલી માં લખાય છે અને આનંદ આપવાનું મુખ્ય લક્ષ્ય ધરાવે છે.
- નિબંધમાં સર્જકનો સ્વૈરવિહારી દેખાતો હોય તો પણ ભાવ,વિચાર કે વિષયની કેન્દ્રીયતા હોય છે.

# <u>નિબંધના પ્રકારો</u>

- નિબંધના મુખ્યત્વે બે પ્રકારો છે.

૧. લલિત નિબંધ
૨. લલિતેતર નિબંધ

- શ્રી નવલરામ  મુખ્યત્વે પાંચ પ્રકારો પાડે છે.

૧.વિચારાત્મક
૨.ભાવાત્મક
૩.વર્ણનાત્મક
૪.આલોચનાત્મક
૫.વિવર્ણત્મક

- આભાર